## સંક્ષિપ્ત સમાચાર

### સાયણ નજીક શેઢા પરથી વૃદ્ધની લાશ મળી

સાયણઃ સાયણ ટાઉનના કાશી ફળિયામાં રહી મજૂરીકામ કરતા રમેશભાઈ ધીરૂભાઈ રાઠોડે ઓલપાડ પોલીસ મથકમાં ગત ગુરુવાર, તા.૨૫ના રોજ જાણ કરી હતી કે, તેમણે સાયણની સીમમાં સાયણ-શેખપુર રોડ ઉપર મામાદેવના મંદિર નજીકના ખેતરના શેઢા ઉપર સવારે ૭ કલાકે એક વૃદ્ધ અજાણ્યા પુરુષની લાશ નિહાળી છે. જેથી ઘટના સ્થળે પહોંચેલી પોલીસે લાશનો કબજો લઈ લાશની તપાસ કરતાં પુરુષની ઉંમર આશરે ૬૦થી ૬૫ વર્ષની જણાઈ હતી. પોલીસને અજાણ્યા પુરુષના વાલી વારસદારોને શોધવા પ્રયાસ શરૂ કર્યો છે. આ બાબતે વધુ તપાસ પીએસઆઇ ડી.બી.દેસાઈ કરી રહ્યા છે.

### દસ્તાનમાં પાર્ક કરેલી ટ્રકમાં ડ્રાઈવરનું મોત

પલસાણાઃ પલસાણાના દસ્તાન ગામની સીમમાં આવેલી જે.કે. લક્ષ્મી સિમેન્ટ કંપનીના પાર્કિંગમાં પાર્ક કરેલી એક ટ્રકમાં ઉત્તર પ્રદેશના વતની એવા વૃદ્ધ ડ્રાઈવરનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના ઝાંસીના વતની ૬૭ વર્ષીય મુકુંદી કલ્યાણ પાલ વ્યવસાયે ડ્રાઈવર હતા. ગત તા.૨૫/૧૨/૨૦૨૫ના રોજ સાંજે જે.કે.લક્ષ્મી સિમેન્ટ કંપનીના પાર્કિંગમાં ઊભેલી ટ્રકમાં તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. બેભાન અવસ્થામાં તેમને ઊલટીઓ થવા લાગતાં તાત્કાલિક સારવાર અર્થે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, ત્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકના પુત્ર સુરેન્દ્ર મુકુંદી પાલે પલસાણા પોલીસને જાણ કરી હતી. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વૃદ્ધનું મોત હાર્ટ એટેકથી થયું છે કે અન્ય કોઈ કારણોસર તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ વધુ સ્પષ્ટ થશે.

### બારડોલીમાં ક્રિકેટ રમતા હાર્ટ એટેક આવવાથી વેપારીનું મોત



બારડોલીઃ બારડોલીના વેપારીનું ચાલુ ક્રિકેટ મેચ દરમિયાન હૃદયરોગના હુમલાથી આકસ્મિક અવસાન થતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. બારડોલીના લીમડા ચોક વિસ્તારમાં આવેલા ‘બાગરેચા ડિઝાઇનર સ્ટોર’ના માલિક અનિલભાઈ ડુંગરમલ શાહ (બાગરેચા)નું ૪૮ વર્ષની વયે અવસાન થયું છે. રવિવારના રોજ સુરત ખાતે તેમના સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૮ વર્ષની નાની ઉંમરે તેમના અકાળે અવસાનના સમાચાર બારડોલી પહોંચતાં જ વેપારી મંડળો અને મિત્ર વર્તુળમાં શોકની લહેર છવાઈ ગઈ હતી.

### કૂતરાં દોડતાં યુવતીની મોપેડ વીજપોલ સાથે અથડાઈ



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરમાં રખડતાં શ્વાનોનો આતંક દિવસે ને દિવસે વધતો જઈ રહ્યો છે. જેના કારણે નાગરિકોની સલામતી પર પ્રશ્નચિહ્ન ઊભુ થયું છે. શહેરના સુરતી ભાગોળથી ગોયા બજાર તરફ મોપેડ લઈને જઈ રહેલી એક યુવતી પાછળ અચાનક રખડતાં શ્વાનોનું ટોળું દોડતાં અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ શ્વાનો પાછળ પડતા યુવતી ગભરાઈ ગઈ હતી. જીવ બચાવવાના પ્રયાસમાં તેણે મોપેડનું એક્સિલેટર વધુ આપી દેતાં વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલું મોપેડ રસ્તાની બાજુમાં આવેલા વીજ પોલ સાથે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતમાં યુવતીને શરીરે નાની-મોટી ઇજા પહોંચી હતી. સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. સીસીટીવી દૃશ્યોમાં રખડતાં શ્વાનોના ભયના કારણે થયેલો અકસ્માત સ્પષ્ટ જોવા મળે છે. ઘટનાને લઈ શહેરમાં રખડતાં શ્વાનોના વધતા ખતરા સામે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

### ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડમાં ગંગાસ્વરૂપા વિધવા બહેનોનું મહાસંમેલન યોજાશે



ભરૂચઃ ભરૂચ અને નર્મદા હિતવર્ધક સમિતિ દ્વારા હોસ્ટેલ ગ્રાઉન્ડ પર વિધવા બહેનોનું ચોથું વિરાટ સંમેલન કન્વીનર ખુમાનસિંહ વાંસિયા દ્વારા રાખવામાં આવ્યું છે, જેમાં ભરૂચ અને નર્મદા જિલ્લાની વિધવા બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં સ્વખર્ચે ઊમટી પડશે. પૂર્વ મંત્રી અને હિતવર્ધક સમિતિના કન્વીનર ખુમાનસિંહ વાંસિયાએ વર્ષ-2018માં વિધવા બહેનોના વાસ્તવિક જીવનનો અભ્યાસ કરી તેઓ માટે પેન્શનની રજૂઆત કરી હતી. ગુજરાત ભાજપ સરકારે સ્વીકારી આશીર્વાદ રૂપે જિલ્લાની 65 હજાર અને રાજ્યની 19 લાખ વિધવા બહેનોને પેન્શન સહાય શરૂ કરી હતી. શનિવારે ભોલાવ સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયાએ માહિતી આપી હતી કે, વિધવા બહેનોના પેંશનમાં વિસંગતતા રહેલી છે. જે દૂર કરવા સરકારમાં રજૂઆત કરાશે. પોસ્ટ ખાતામાં પહેલા જમા થતું પેંશન બંધ કરાયું છે. જેને પોસ્ટને જ પ્રાધાન્ય અપાઈ તેવી માંગ પણ સંમેલન બાદ સરકારમાં મુકાશે. મહાસંમેલન માટે કનુભાઈ પરમાર, નરેન્દ્રસિંહ રાજ, દિલીપસિંહ સિંધા, તુલસીપુરી ગોસ્વામી, રણજીતસિંહ ડાભી, કમલેશ કોસમિયા, સુનિલભાઈ પ્રજ્ઞાચક્ષુ, જયપાલસિંહ માંગરોલા સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે.

### ઝરાલી ગામના યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરતઃ સોનગઢના ઝરાલી ગામે ડુંગરી ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ખેતરમાં સાગના ઝાડ સાથે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઝરાલી ગામના ડુંગરી ફળિયામાં રહેતા સતીભાઈ શિવાજીભાઈ ગામીત (ઉં.વ.૩૫) ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગત તા.૨૫/૧૨/૨૦૨૫ના રોજ બપોરે સતીભાઈએ કુકડઝર ગામની સીમમાં આવેલા પોતાના ખેતરમાં જઈ સાગના ઝાડ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે મૃતકની પત્ની રેખાબેન ગામીતે સોનગઢ પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. હાલ આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. અજયભાઈ સુદામભાઈ કરી રહ્યા છે.

### અંકલેશ્વર ગુરુદ્વારા ખાતે વીર બાળદિવસની ઉજવણી



સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ગુરુદ્વારા ખાતે વીર બાળ દિવસ નિમિત્તે ભજન-સત્સંગ તથા લંગર સહિતના કાર્યક્રમો યોજાયા હતા. અંકલેશ્વર ગુરુદ્વારા પ્રબંધક કમિટી તેમજ શહેર ભાજપ દ્વારા શીખ ધર્મના દસમા ગુરુ, ગુરુ ગોવિંદસિંહજીના નાના સાહિબજાદા બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. દર વર્ષે 26 ડિસેમ્બરે વીર બાળ દિવસ તરીકે ઉજવાતા આ દિવસે શીખ ઇતિહાસમાં અદ્વિતીય બલિદાન આપનાર બંને સાહિબજાદાઓના ત્યાગ અને શૌર્યને સ્મરણ કરવામાં આવે છે. તેમની નાની ઉંમરે ધર્મ અને સિદ્ધાંતોની રક્ષા માટે આપેલી શહાદતને યાદ કરી ગુરુદ્વારામાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું.

# ‘સર’ મુદ્દે સાયણની ગ્રામસભામાં ગરમાટો

**ઉદ્યોગો** દ્વારા કાંસમાં છોડાતું કેમિકલયુક્ત દૂષિત પાણી, મનરેગા જોબકાર્ડ, ગટરલાઈન કામગીરી, રખડતાં પશુઓનો ત્રાસ જેવા અનેક પ્રશ્નો ચમક્યા



જયેશ પટેલ

સાયણઃ સાયણ ગ્રા.પં.માં મળેલી ગ્રામસભામાં ચૂંટણી પંચની હાલમાં ચાલી રહેલી ‘સર’ની કામગીરીમાં વેઠ ઉતાર્યા સહિત વિવિધ પ્રશ્નો ગ્રામજનોએ કરતાં ભર શિયાળામાં ગરમાટો આવ્યો હતો.

શુક્રવાર, તા.૨૬ના રોજ સાયણ ગ્રા.પં. કચેરીમાં ગામની મહિલા સરપંચ ભાવનાબેન પટેલના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ હતી. આ ગ્રામસભામાં મનરેગા યોજના હેઠળનાં કામોમાં ગરીબોને જોબકાર્ડ મુદ્દે તલાટી સુનીલ દેસાઈએ ખુલાસો કર્યો હતો કે, સાયણમાં ઈન્ડસ્ટ્રિયલ એરિયા હોવાના કારણે ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકોને મનરેગા યોજના હેઠળના કામનો રેટ કરતા ત્યાં વધુ મળતો હોવાથી જોબકાર્ડ પૂરતા મળતાં નથી. પરંતુ ગ્રા.પં.ના વિકાસનાં કામોની ગ્રાન્ટમાંથી અમો જોબકાર્ડ મેળવી કામ પૂર્ણ કરાવવા પ્રયાસ કર્યો છે. આ સભામાં ગામના એક જાગૃત નાગરિકે લેખિત રજૂઆત કરતા બળાપો કાઢ્યો કે, દોઢ વર્ષ અગાઉ સિવાણ અને સાયણ સુગર રોડ ઉપર સરકારની રૂ.૪ કરોડની ગ્રાન્ટમાંથી બોક્સ ગટરલાઈન બનાવવામાં આવી હતી. સરકારી બાબુઓને ખબર હોવી જોઈએ કે, આ બંને રોડ સ્ટેટ હાઈવેના હોવાથી બિલ્ડિંગ કંટ્રોલ લાઈનથી કેટલું કામ કરવાનું છે? તેમ છતાં હાલમાં ચાલી રહેલ ફોરલેન રોડના કામમાં આ ગટરલાઈનની બાજુમાં જ નવી ગટરલાઈનનું કામ ચાલુ થતાં અગાઉ બનાવેલી ગટર જો તોડી નંખાશે તો સરકારની તિજોરીને રૂ.૪ કરોડનો ચૂનો લાગશે. જેથી આ મામલે કલેક્ટર અને માર્ગ-મકાન વિભાગને રિપોર્ટ કરી જે-તે અધિકારીઓ વિરુદ્ધ કાયદેસરનાં પગલાં લેવાવા જોઈએ. આ સભામાં હાલમાં ચૂંટણી પંચની ચાલી રહેલી કામગીરીમાં ગેરરીતિનો મુદ્દો ઉઠાવી તેમણે કહ્યું કે, બી.એલ.ઓ.ની કામગીરી પણ શંકાના દાયરામાં છે. તેમણે બળાપો કાઢ્યો કે, ગુજરાતી લેંગ્વેજ સિવાય કોઈ ઓનલાઇન પ્રોસેસ નથી તો પરપ્રાંતિ મતદારોનાં નામ હિન્દીમાં કેવી રીતે અપલોડ થયાં? આ ઉપરાંત વોર્ડ પણ બદલાયા છે અને નવા એરિયા ઉમેરાયા છે. જ્યારે બીજા રાજ્યમાંથી આવેલા લોકો સહિત ઘણા લોકો ગામ છોડી ગયા હોવા છતાં તેઓના નામ ખોટી રીતે મતદાર યાદીમાં ચઢી ગયાં છે. જેથી આ બાબતે ચૂંટણી પંચ અને કલેક્ટર સમક્ષ રિપોર્ટ કરી તપાસ કરાવવી જોઈએ. જેથી ફાઈનલ યાદી તૈયાર થાય તે પહેલા કામગીરીમાં પારદર્શકતા આવે. આ સભામાં રખડતાં પશુઓને રસ્તા ઉપર છોડી દેતાં પશુપાલકો તથા કાંસમાં કેમિકલયુક્ત દૂષિત પાણી છોડતા ઉદ્યોગ માલિકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા માંગ ઊઠી હતી. આ ગ્રામસભામાં ઉપસરપંચ શૈલેષ પટેલ, તા.પં. સાયણ સીટના સભ્ય લાલુ પાઠક, પંચાયતના વોર્ડ સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુટખા અને સિગારેટના પૈસા માંગતાં ચપ્પુથી હુમલો

**સાયણમાં** પાનના ગલ્લા પાસે ત્રણ શખ્સોએ હુમલો કર્યો

સાયણઃ સાયણમાં પાનના ગલ્લા ઉપર ગુટકા અને સિગારેટ લેવા આવેલા સાયણના ત્રણ શખ્સ પાસે ફરિયાદીએ પૈસા માંગતાં ત્યાં બેઠેલા ફરિયાદીના સાળા ઉપર એક શખ્સે માથા, હાથ તથા કાનમાં ચપ્પુના ઘા ઝીંકી લોહીલુહાણ કરી હોસ્પિટલ ભેગો કર્યો છે.

સાયણ ટાઉનમાં સહારા પાર્કના રોયલ એવન્યુ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૧૦૫માં અફરોઝખાન ગફરખાન પઠાણ રહી પાનનો ગલ્લો ચલાવે છે. ગત ગુરુવાર, તા.૨૫ના રોજ સાંજે અફરોઝખાન સાથે તેનો સાળો મુસ્તુફા શેખ અને સાઢુભાઇ નદીમ નઈમ પઠાણ ત્રણેય પાનના ગલ્લા ઉપર હાજર હતા. ત્યારે સાડા સાત કલાકના સુમારે સાયણની ભક્તિધારા સોસાયટીમાં રહેતો સંજય હિંમત વાઘેલા, વિજય હિંમત વાઘેલા તથા હિતેશ સોલંકી ત્રણેય મોપેડ લઈને ગલ્લા ઉપર આવ્યા હતા અને અફરોઝખાન પાસે ગુટકા તેમજ સિગારેટ માંગી હતી. જેથી તેણે પૈસા માંગતાં ત્રણેય શખ્સ એકદમ ઉશ્કેરાઈ ગયા હતાં અને અફરોઝખાનને ગાળો બોલી તેની સાથે ઝઘડો કરી ઝપાઝપી કરી હતી. આ બબાલમાં તેનો સાળો અને સાઢુભાઈ આ ત્રણેય શખ્સને સમજાવવા ગયા, ત્યારે તેની સાથે પણ ઝપાઝપી કરી હતી. દરમિયાન સંજયે પોતાના કમરના ભાગેથી ચપ્પુ કાઢી ડરાવતાં ફરિયાદી, તેનો સાળો અને સાઢુભાઈ ત્યાંથી ઉમરા ગામ તરફ જતા રોડ બાજુ ભાગતાં આ ત્રણેય શખ્સે પીછો કર્યો હતો. એ સમયે સંજયે નદીમ નઈમ પઠાણને ધક્કો મારી રોડ ઉપર પાડી દઈ તેના માથા, ડાબા હાથના ખભાનાં ભાગે તથા ડાબા કાનના ભાગે ચપ્પુથી હુમલો કરી ઘા માર્યા હતા. ઉપરાંત વિજય વાઘેલા તથા હિતેશ સોલંકીએ તેના સાળા મુસ્તુફા તસલીન શેખને ઢીકમુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી ભાગી ગયા હતા. જ્યારે લોહીલુહાણ થયેલા નદીમ નઈમ પઠાણને સાયણ ખાતેની એક ખાનગી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડાતાં હાલમાં તેની સારવાર ચાલુ છે. આ બબાલની અફરોઝખાને ત્રણેય શખ્સ વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડોલવણના પંચોલ ગામે એલ્યુમિનિયમના વાયર ચોરાયા

વ્યારાઃ ડોલવણના પંચોલ ગામે પાટી ખાખરી ફળિયામાં પાટી-પંચોલ રોડની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી ગત તા.23-12-2025ના રોજ રાત્રે 9 વાગ્યાથી લઈ તા.25 -12-2025ના રોજ સાડા દસ વાગ્યા દરમિયાન જૂના એલ્યુમિનિયમ કંડક્ટરના વાયરો આશરે 300 કિલો જેની કિં.રૂ.27000 કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી જતાં લેબર કોન્ટ્રાક્ટર રાજુભાઈ ચિથરભાઈ બલ દાણીયા (ઉં.વ.37) (મૂળ રહે.,18 બસ સ્ટેશન પાછળ વિસ્તાર ઓથા, તા.મહુવા, જિ.ભાવનગર, હાલ રહે., 73 સીતાનગર, પુણા ગામ, વરાછા, સુરત શહેર)એ ડોલવણ પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સ્યાદલામાં પાણીની ટાંકી પડતાં 14 માસના બાળકનું કરુણ મોત

**આનંદ** ફેબ્રિકો ઈન્ડસ્ટ્રિઝ ખાતે ટાંકી ખસેડતી વેળા બનેલી ઘટના



કીમઃ ઓલપાડના કીમ નજીક આવેલા સ્યાદલા ગામે આનંદ ફેબ્રિકો ઈન્ડસ્ટ્રિઝ ખાતે ચાલી રહેલા બાંધકામ દરમિયાન પાણીની લોખંડની ટાંકી પડતાં 14 માસના માસૂમ બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ તા.25 ડિસેમ્બરે બપોરે અંદાજે 3 વાગ્યાના સમયે સ્યાદલા ખાતે આવેલી આનંદ ફેબ્રિકો ઈન્ડસ્ટ્રિઝમાં કલ્પેશભાઈ નવડિયાના ખાતામાં પ્રથમ માળે પ્લાસ્ટરનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન કામદારો દ્વારા લોખંડની પાણીની ટાંકી એક સ્થળેથી બીજા સ્થળે ખસેડવામાં આવી રહી હતી, ત્યારે અચાનક ટાંકી પલટી ખાઈ ગઈ હતી. ટાંકી નજીક રમતું 14 માળક તેના નીચે આવી જતા બાળકને માથાના ડાબા ભાગે તથા પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક બાળકને સાયણ નજીક જીવનરક્ષા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું હતું. બાદ વધુ સારવાર માટે સુરતની ડાયમંડ હોસ્પિટલ, ચીકુવાડી ખાતે દાખલ કરાયું હતું. પરંતુ તા.26 ડિસેમ્બરના રોજ બપોરે 12 વાગ્યાના સમયે સારવાર દરમિયાન તબીબોએ બાળકને મૃત જાહેર કર્યું હતું. કીમ પોલીસ સ્ટેશન દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે . આ દુર્ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે તેમજ સ્યાદલા સહિત આસપાસના વિસ્તારોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

## વ્યારાના નવી ઘાટ ગામની મહિલાનો ઝેરી દવા પી આપઘાત

વ્યારાઃ વ્યારાના નવી ઘાટ ગામના મંદિર ફળિયામાં રહેતાં ૬૦ વર્ષીય વૃદ્ધાએ અગમ્ય કારણોસર ઘરમાં જ ઝેરી દવા પી લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વ્યારાના નવી ઘાટ ગામના મંદિર ફળિયામાં રહેતાં કંછાબેન નવજીભાઈ ચૌધરી (ઉં.વ.૬૦) છેલ્લાં ચારેક વર્ષથી માનસિક અસ્થિરતાથી પીડાતાં હતાં. ગત તા.૨૫/૧૨/૨૦૨૫ના રાત્રિના 10થી ૨૬/૧૨/૨૦૨૫ની વહેલી સવારના ૭:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન તેમણે પોતાના ઘરે ભીંડામાં નાંખવાની ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવા પીવાને કારણે તેમની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે વ્યારાની જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સારવાર દરમિયાન શુક્રવારે સવારે આશરે ૧૧ વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના સંબંધી મધુબેન નિમેષભાઈ ચૌધરીએ વ્યારા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. વ્યારા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ આદરી છે. હાલ આ કેસની તપાસ એ.એસ.આઈ. સંદીપભાઈ મોહનભાઈ કરી રહ્યા છે.

## માંડવીના ઈસર ડેમમાં વેડછીનો યુવાન ડૂબ્યો



હિતેશ પટેલ

માંડવીઃ વાલોડના વેડછી ગામના 34 વર્ષીય રસિકભાઈ પરેશભાઈ ચૌધરીનું માંડવી-ઝંખવાવ રોડ પર આવેલા ઈસર ડેમમાં ડૂબી જવાથી મોત થયું હતું. રજાના દિવસે હાથ-પગ ધોવા પાણીમાં ઊતરતી વખતે પગ લપસતાં આ દુર્ઘટના બની હતી. મૃતક રસિકભાઈ વાલિયા GIDCમાં એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. તેઓ પોતાના સંબંધીને ત્યાં ઝંખવાવ આવ્યા હતા અને રજાના દિવસે ઈસર ડેમ પર ફરવા ગયા હતા. ડેમ પર ફરવા દરમિયાન તેઓ હાથ-પગ ધોવા માટે પાણીમાં ઊતર્યા હતા. એ સમયે અચાનક તેમનો પગ લપસી ગયો અને તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાથી તેમનું ડૂબી જતાં મોત થયું હતું. આ ઘટના અંગે ગામના સરપંચ ધર્મેશભાઈ ચૌધરીએ માંડવી ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને યુવાનના મૃતદેહની શોધખોળ હાથ ધરી હતી. શોધખોળ બાદ મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આમોદમાં ભૂવો પૂરવાને બદલે શૌચાલયનું ઢાંકણું મૂકી દેવાયું



ભરૂચઃ આમોદ નગરપાલિકાના વહીવટી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર છતી થઈ છે. શહેરમાં પડેલા જોખમી ભૂવા અંગે મીડિયામાં અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ જાગેલા તંત્રએ ભૂવો પૂરવાને બદલે તેના પર માત્ર શૌચાલયનું ઢાંકણું મૂકી દઈ હાસ્યાસ્પદ ‘જુગાડ’ કર્યો છે. લોકોની અવરજવર ધરાવતા મુખ્ય માર્ગ પર કરવામાં આવેલી આ કામગીરી કોઈ સુધારો નહીં પરંતુ અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપવા સમાન હોવાનું નગરજનો જણાવી રહ્યા છે. આ ગંભીર મુદ્દે જંબુસર વિધાનસભા યૂથ કોંગ્રેસના પ્રમુખ કેતન મકવાણાએ તંત્રને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, ‘‘અમે મહિના અગાઉ લેખિત રજૂઆત કરી હોવા છતાં પાલિકા ઊંઘતી રહી છે. હવે જ્યારે અહેવાલો પ્રસિદ્ધ થયા ત્યારે ભૂવા પર માત્ર ઢાંકણું મૂકી દેવાની જે ‘સ્પેસ ટેકનોલોજી’ પાલિકા લાવ્યું છે તે શરમજનક છે.’’ તેમણે વધુમાં ચેતવણી આપી હતી કે જો આગામી 1 અઠવાડિયામાં શહેરના તમામ જોખમી ખાડા અને ભૂવાઓનું કાયમી ધોરણે સમારકામ કરવામાં નહીં આવે, તો યુથ કોંગ્રેસ દ્વારા ચીફ ઓફિસરની કચેરીનો ઘેરાવો કરી ઉગ્ર હલ્લાબોલ કરવામાં આવશે.


**Central Bank of India** / સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

**ઈ-હરાજી થી વેચાણ નોટીસ** (સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ) (પરિશિષ્ટ-૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

**તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ**

**ધી સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે નિયમ ૮(૬) સાથે વંચાતી ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોનું ઈ-હરાજીથી વેચાણ નોટીસ.**

નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ)ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઈ છે. તેના પર **કબજો** લેવામાં આવે છે. **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**ના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસૂલાત માટે તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ **“જેમ છે ત્યાં છે” “જેમ છે તે છે” અને “ત્યાં જે છે ત્યાં”** ધોરણે અને ઓનલાઈન વેબપોર્ટલ હેઠળ : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિક્યોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહિતી મેળવી શકશો.

**નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત**

| અ. નં. | કરજદાર / જામીનદાર અને શાખા નું નામ | ૧૩(૨)નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા | અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સુજીતકુમાર કેદારનાથ ગુપ્તા (કરજદાર), શ્રીમતી રાગિની સુજીતકુમાર ગુપ્તા (સહ-કરજદાર) (પાલ શાખા) | રૂા. ૧૦,૬૫,૫૨૮/- તા. ૨૯.૦૨.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૪૩, આશરે ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે. મીટર, સિલીકોન રેસીડેન્સી, મોજે-જોળવા, તાલુકા-પલસાણા, જિ. સુરત-૩૯૪૩૦૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટી નો ઈન્ટરનલ રોડ, ● **પશ્ચિમે :** પ્લોટ નં. બી/૪૩, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૪૨, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૪૪. | ૨૩.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૬,૦૦,૦૦૦/- / રૂા. ૬૦,૦૦૦/- / રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૨. | શ્રી રમેશભાઈ પંચાભાઈ ભરવાડ (કરજદાર) (અડાજણ શાખા) | રૂા. ૨૫,૪૬,૧૫૮.૦૩ તા. ૧૨.૧૨.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. બી/૨૪/એ, પૈકી, પુર્વ બાજુનો અડધો ભાગ, શિવ આવાસ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી વિભાગ-૨, કામરેજ, સુરત, ક્ષેત્રફળ ૪૩.૪૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૫૨.૦૦ સ્કે. યાર્ડ, ડેવલોપોડ જમીનનો આર.એસ નં. ૪૭૬ અને ૪૭૭, બ્લોક નં. ૪૪૩ અને ૪૪૪, તાલુકા-કરંજ, મોજે ગામ-કામરેજ, જિ.સુરત ગુજરાત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** પ્લોટ નં. બી/૨૩, ● **પશ્ચિમે :** પ્લોટ નં. બી/૨૪ પૈકી, ● **ઉત્તરે :** રોડ થી સંકળાયેલ, ● **દક્ષિણે :** રોડ થી સંકળાયેલ. | ૦૯.૦૯.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૩,૬૦,૦૦૦/- / રૂા. ૧,૩૬,૦૦૦/- / રૂા. ૧૦,૦૦૦/- | બ્રજેશ તિવારી ચીફ મેનેજર, અડાજણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૫૯ |
| ૩. | શ્રી ભાવેશભાઈ દિનેશભાઈ ડોમાડીયા (કરજદાર), શ્રીમતી રીતાબેન ભાવેશભાઈ ડોમાડીયા (સહ-કરજદાર) (વરાછા શાખા) | રૂા. ૮,૨૧,૩૫૩/- તા. ૨૯.૦૨.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | ૧) જે મિલકતનો ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે.ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે. ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન, પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર અને ૨.૦૭ સ્કે.મીટર સી.ઓ.પી., કુલ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિધારા રેસીડેન્સી, જે સ્થિત જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોથાણ, સબ જિ. ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** બિલ્ડીંગ નં. ઈ/૨, ● **પશ્ચિમે :** ફ્લેટ નં. ઈ/૧-૪૦૪, ● **ઉત્તરે :** ફ્લેટ નં. ઈ/૧-૪૦૨, ● **દક્ષિણે :** ઈન્ટરનલ રોડ.<br>૧) જે મિલકતનો ફ્લેટ નં. ૪૦૪, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે.ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે. ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન, પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર અને ૨.૦૭ સ્કે.મીટર સી.ઓ.પી., કુલ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિધારા રેસીડેન્સી, જે સ્થિત જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોથાણ, સબ જિ. ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** બિલ્ડીંગ નં. ઈ/૧-૪૦૩, ● **પશ્ચિમે :** સી.ઓ.પી., ● **ઉત્તરે :** ફ્લેટ નં. ઈ/૧-૪૦૧, ● **દક્ષિણે :** ઈન્ટરનલ રોડ. | ૦૫.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૭,૮૩,૦૦૦/- / રૂા. ૭૮,૩૦૦/- / રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪. | શ્રી હર્ષ કરશનભાઈ પટેલ (કરજદાર), શ્રીમતી રમીલાબેન હરેશભાઈ પટોલીયા (સહ-કરજદાર) (અલથાણ શાખા) | રૂા. ૩૦,૯૧,૫૧૩/- તા. ૦૪.૧૧.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૨૯૮, આશરે ક્ષેત્રફળ ૭૨.૩૪ સ્કે.મીટર, અમૃત વિલા વિભાગ-૧, આર.એસ. નં. ૩૦૬, બ્લોક નં. ૨૮૯, મોજે-કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત - ૩૯૪૧૮૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટીનો રસ્તો, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૨૪૩, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૨૯૭, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૨૯૯. | ૨૬.૦૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૨૨,૩૫,૦૦૦/- / રૂા. ૨,૨૩,૫૦૦/- / રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |
| ૫. | મે. સુમન વીવેસના પ્રોપરાઈટર સરોજ હેમંત પારેખ (સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા) | રૂા. ૧,૩૯,૭૪,૭૩૨/- તા. ૨૩.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફ્લેટ નં. એ-૮૦૧, આઠમો માળ, ક્ષેત્રફળ ૨૧૦૦.૦૦ સ્કે. ફીટ યાને કે ૧૯૫.૧૭ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૧૨૫૧.૭૬ સ્કે.ફીટ યાને કે ૧૧૬.૩૪ સ્કે.મીટર, બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગના હિસ્સાની જમીન પર બિલ્ડીંગ-એ, નંદનવન, જે સ્થિત બાંધકામ વાળી જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૬૫, રીવીઝન સર્વે નં. ૯૪, પ્રારંભિક ટી.પી. સ્કીમ નં. ૨, ફાઈનલ પ્લોટ નં. ૬૮, ક્ષેત્રફળ ૧૨૪૧૦ સ્કે.મીટર, ગામ-વેસુ, સબ જિ. સિટી સુરત, જિ.સુરત ખાતે આવેલ તમામ હક્ક અને હિસ્સા વાળી મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** એન્ટરેન્સ, પેસેજ અને લીફ્ટ, ● **પશ્ચિમે :** ખુલ્લુ આકાશ, ● **ઉત્તરે :** ફ્લેટ નં. એ-૮૦૨, ● **દક્ષિણે :** ખુલ્લુ આકાશ | ૦૫.૧૨.૨૦૨૫ સાંકેતિક કબજો | રૂા. ૭૮,૮૪,૦૦૦/- / રૂા. ૭,૮૮,૪૦૦/- / રૂા. ૫૦,૦૦૦/- | હિમાંશુ રંજન ચીફ મેનેજર, સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૪૮૮૭૧ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૨૩.૦૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**
**ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૦૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે (બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)**

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.)ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૩૦ દિવસની નોટીસ**

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

તારીખ : ૨૬.૧૨.૨૦૨૫
સ્થળ : સુરત

(વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)

સહી/-
અધિકૃત અધિકારી
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા